# મોડાસામાં જગતના નાથ ઝરમર વરસાદમાં જગના દર્શનાર્થે નીકળ્યા

મોડાસા, તા. ૧૪

અરવલ્લી જીલ્લાના મોડાસા શહેરમાં આજે ભગવાન જગન્નાથ યાત્રાની ભવ્યાતિભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. ૩૬મી રથયાત્રા મોડાસા શહેરના માર્ગો પર ઝરમર ઝરમર વરસાદમાં દબદબાભેર નીકળી હતી. ભગવાન બાલકદાસજીના નિજમંદિરેથી નીકળેલી રથયાત્રામાં ભજન મંડળીઓ, બેન્ડવાજા, ઢોલી, અખાડાના કરતબો અને આદિવાસી લોકનૃત્ય સાથે વિવિધ સાંસ્કૃતિક ઝાંખીઓ સાથે ટેબલોએ આકર્ષણ જમાવ્યું હતું. મુસ્લિમ સમાજના બિરાદરોએ ચાર રસ્તા પહોંચેલી શોભયાત્રાનું ભવ્ય સ્વાગત કરતા કોમી એકતાના દર્શન થયા હતા. સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી મંદિર પરિસરમાં રથયાત્રા નીકળતા મોટી સંખ્યામાં ભક્તો ઉમટ્યા હતા. ધનસુરામાં જગનના નાથ ભજન કીર્તન સાથે નીકળતા દર્શનાર્થીઓ દર્શનનો લ્હાવો લીધો હતો. બાયડમાં સુંદરપુરાથી સૌ પ્રથમ નીકળેલ રથયાત્રામાં માનવમહેરામણ ઉમટ્યું હતું.

અરવલ્લી જીલ્લામાં ''હાથી ઘોડા પાલખી જય કનૈયા લાલકી'' જયઘોષથી સમગ્ર જીલ્લામાં વરસતા વરસાદમાં ભકિતમય માહોલ સર્જાયો હતો. મોડાસા શહેરમાં રથયાત્રા ઉત્સવ સમિતિ મોડાસા અને શ્રદ્ધાળુઓ દ્વારા ૩૬મી રથયાત્રામાં ભગવાન જગન્નાથને રથમાં બેસાડીને શોભયાત્રા નીકળવામાં આવી હતી. મોડાસા શહેરની શેરીએ શેરીએ જગતના નાથ જગન્નાથ જગના દર્શનાર્થે નીકળતા દર્શનનો લ્હાવો લેવા શ્રદ્ધાળુઓ ઉમટ્યા હતા. મોડાસા રથયાત્રા માર્ગ પર આંતરાષ્ટ્રીય હિન્દૂ પરિષદ, લાયન્સ ક્લબ, એફ.સી.સી. ક્લબ સહીત વિવિધ સમાજ દ્વારા રથયાત્રામાં જોડાયેલા ભક્તો માટે લીંબુ સરબત, ચા, પાણી, નાસ્તો, મિનરલ વોટર, છાસ, ગ્લુકોઝ બિસ્કિટની વ્યવસ્થા કરવામાં આવી હતી.

મોડાસા રથયાત્રાનું પ્રસ્થાન દેવરાજ ધામના મહંત ધનગિરી મહારાજે કરાવ્યું હતું. પ્રસ્થાન સમયે મહંત કેશવદાસજી મહારાજ (જાલીયાના મઠ), મહામંડલેશ્વર ૧૦૦૮ હરિકિશોરદાસજી મહંત (ખાખચોક શામળાજી), ડીવાય એસપી ફાલ્ગુની પટેલ, જિલ્લા બીજેપી પ્રમુખ રણવીરસિંહ ડાભી, નગરપાલિકા પ્રમુખ સુભાષ શાહ, મોડાસા નાગરિક બેંક ચેરમેન કમલેશ પટેલ, નિલેશભાઈ જોષી, રથયાત્રા પ્રમુખ કિરીટ સુથાર, મંત્રી ભરત ભાવસાર, દિલીપ ભાવસાર, રમેશ કડિયા, નાન્હાલાલ પ્રજાપતિ, કલાબેન ભાવસાર, જલ્પા ભાવસાર સહીત નગરપાલિકાના કોર્પોરેટરો અને ભાજપ કોંગ્રેસના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. મોડાસા ચાર રસ્તા રથયાત્રા પહોંચતા મોડાસાના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ ઠાકોર, શહેરના અગ્રણીઓ સહીત મોટી સંખ્યામાં નગરજનો અને જિલ્લાવાસીઓ ઉપસ્થિત રહ્યા હતા. ભગવાન જગન્નાથના દર્શન કરી ''જય રણછોડ માખણ ચોર''ના નારા ગુંજી ઉઠ્યા હતા. ભક્તોએ મગ અને જાંબુનો પ્રસાદ ગ્રહણ કરી ધન્યતા અનુભવી હતી.










## શામળાજીમાં ભવ્ય રથયાત્રા

સમગ્ર રાજ્યમાં ભગવાન જગન્નાથજીની રથયાત્રાઓ શરૂ થઈ છે ત્યારે યાત્રાધામ શામળાજીમાં પણ ભગવાન જગન્નાથજીની રથયાત્રા મંદિર પરિસરમાં નીકળી હતી. રથયાત્રા પહેલા ભગવાન શામળીયાની આરતી થઈ હતી. આરતીમાં પણ મોટી સંખ્યામાં જોડાયા હતા અને ભક્તજનોએ આરતીનો લ્હાવો લીધો હતો. આરતી પૂર્ણ થયા પછી મંદિર પરિસરમાં શામળીયાની રથયાત્રા નીકળી હતી. આ રથયાત્રા મંદિર પરિસરના પટાંગણમાં પાંચ પ્રદક્ષિણા કરવામાં આવે છે અને ત્યારબાદ મહાપ્રસાદનું આયોજન કરવામાં આવે છે. આરતીમાં પણ મોટી સંખ્યામાં ભક્તજનો જોડાયા હતા અને સમગ્ર મંદિર પરિસર જય રણછોડ માખણચોરના નાદથી ગુંજી ઉઠ્યુ હતું.

## ખેડબ્રહ્મામાં ધામધૂમથી રથયાત્રા નિકળી

ખેડબ્રહ્મા, તા. ૧૪

ખેડબ્રહ્મામા આવેલ ઠાકોર મંદિર ટ્રસ્ટ સંચાલિત રાધાકૃષ્ણ મંદિરમાંથી ભગવાનની રથયાત્રા શનિવારના રોજ ધામધૂમથી નીકળી હતી. ખેડબ્રહ્મામાં રથયાત્રા ગામ વિસ્તારમાં આવેલ રાધાકૃષ્ણ મંદિરમાંથી બેન્ડ બાજા અને ઢોલ સાથે શણગારેલા ટ્રેક્ટર અને ઘોડા સાથે નીકલિ હતી.

જે જૂની પોસ્ટ ઓફીસ, જૈન દેરાસર, પટેલ ફળી, બ્રહ્માજી ચોક, બસ સ્ટેન્ડ, મહાકાળી મંદિર, જાનકી સોસાયટી, આરાધના સિનેમા, હનુમાનજી મંદિર, કાશી વિશ્વનાથ મંદિર, માણેક ચોક, શ્રીયાદે ચોક, સરદાર ચોક, પેટ્રોલપંપ થઈ ભગવાનના મોસાળ હસમુખલાલ તુલસીદાસ મોદીના ઘરે વિસામો કર્યો હતો. જ્યાં ભગવાનનું મોસાળુ ભરવામાં આવ્યું હતું. અને ભગવનની પૂજા અર્ચના કરવામાં આવ્યું હતું. ત્યારબાદ રથયાત્રા પુલ ઉપર થઈ સુથાર ફળી થઈ નિજ મંદિર પરત પહોંચી હતું. આ ઉપરાંત ગઢડા શામળાજી મંદિર દ્વારા પણ રથયાત્રા કાઢવામાં આવી હતી જે ગઢડા શામળાજી ઉચી ધનાલ, દૂધળી, ગુંદેલ ગામમાં ફરી હતી. રથયાત્રા શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થાય તે માટે પોલીસ તંત્ર દ્વારા ૨ પી.એસ.આઈ., ૫૦ પોલીસ, ૫૦ હોમગાર્ડ અને ૧૦ મહિલા પોલીસનો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

**જય રણછોડ... માખણચોર...**



## ડીસામાં નાથની નગરચર્યા

અષાઢી બીજ એટલે ભગવાન જગન્નાથજીની નગરચર્યાનો દિવસ. ઓરિસ્સાના પુરી અને ગુજરાતના અમદાવાદ ખાતે યોજાતી ભગવાન જગન્નાથની રથયાત્રાઓ જગવિખ્યાત બની ગઈ છે. દરવર્ષની જેમ આ વર્ષે પણ આજે અષાઢી બીજના સપરમા દિવસે  બનાસકાંઠાના પાલનપુર, ડીસા, અંબાજી અને ધાનેરા સહિત રાજ્યમાં દોઢસોથી વધુ સ્થળોએ યોજાયેલી રથયાત્રાઓ દરમ્યાન ભગવાન સામેથી દર્શન આપવા નગરચર્યાએ નીકળતા સર્વત્ર નાથની ભક્તિનો અદભુત માહોલ સર્જાઈ ગયો હતો.





## શક્તિપીઠ અંબાજીમાં ભગવાન જગન્નાથની રથયાત્રામાં માઈભક્તો જોડાયા

શક્તિ ભક્તિ અને આસ્થાના ત્રિવેણી સંગમ શક્તિપીઠ અંબાજીમા આજે ૨૬મી રથયાત્રા અંબાજી માનસરોવર પાસે આવેલા રાધા કૃષ્ણ મંદિરથી રંગે ચંગે નીકળી હતી. રથયાત્રા શરુ થતા પહેલા ભગવાનનું મામાના ઘરેથી આગમન થયા બાદ વિશાલ રથમા ભગવાનની મૂર્તિ મુકવામાં આવી હતી ત્યારબાદ મહાઆરતી ઉતારવામાં આવી હતી. આ રથયાત્રા અંબાજી ધાર્મિક ઉત્સવ સેવા સમિતિના સહયોગથી દર વર્ષે નીકળે છે આ રથયાત્રામાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા અને આ રથયાત્રા અંબાજી નગરના માર્ગો પર ઘુમી હતી ત્યારબાદ આ રથયાત્રાનું વિરામ અંબાજી પંચાયત પાસે આવેલી મહાદેવિયા ધર્મશાળા ખાતે રાખવામાં આવ્યું હતુ અને દાતાઓ દ્વારા અહીં ભક્તો માટે વિશાળ ભંડારો યોજવામાં આવ્યો હતો. અંબાજી ધાર્મિક ઉત્સવ સેવા સમિતિના પ્રમુખ સુનિલભાઈ અગ્રવાલ અને ધાર્મિક ઉત્સવ સેવા સમિતિના સભ્યો સુનિલ બ્રહ્મભટ્ટ, અમિત માળી, પ્રકાશ અગ્રવાલ અને બીજા અનેક સભ્યો હાજર રહ્યા હતા. બેન્ડબાજા સાથે આ રથયાત્રા અંબાજી નગરમાં ઘુમી હતી. આ રથયાત્રામાં પોલીસ અને હોમગાર્ડના જવાનો જોડાયા હતા. આ સિવાય મહિલા મંડળ અને આનંદ ગરબા પરિવારની બહેનોએ ગરબા ગાયા હતા. આ રથયાત્રામાં આદિવાસી શાળાના બાળકો અને અંબાજી સંસ્કૃત મહાવિદ્યાલયના બ્રાહ્મણો જોડાયા હતા. ભક્તો માટે જાંબુ અને મગનો પ્રસાદ આપવામાં આવ્યો હતો. આજે બૉલીવુડના પ્રસિદ્ધ ડાયરેક્ટર ઉમેશ શુક્લ પણ અંબાજી મંદિરમાં માતાજીના દર્શન કર્યા હતા.



## ધનસુરામાં રથયાત્રા ઉત્સવની ધામધૂમપૂર્વક ઉજવણી કરાઈ

ધનસુરામાં રથયાત્રાની ધામધૂમપૂર્વક ઉજવણી કરાઈ હતી. જેમાં ભક્તો મોટી સંખ્યામાં જોડાયા હતા. ધનસુરામાં રથયાત્રા નીકળી હતી.  ભગવાન જગન્નાથ નગરચર્ચાએ નીકળી  ભક્તોને દર્શન આપ્યા હતા. અરવલ્લીના ધનસુરામાં ૧૦૩મી રથયાત્રા નીકળી હતી. સાથે ભગવાનનું મોસાળું પણ  રાખવામાં આવ્યું હતું. ભક્તોએ ભગવાનના દર્શન અને પ્રસાદીનો લાભ લીધો હતો. ભગવાનના દર્શન કરવા માટે નગરજનો ઉમટી પડ્યા હતા.

# બનાસકાંઠામાં એસ. ટી. બસોની અનિયમિતતા મામલે એન.એસ.યુ.આઈ. દ્વારા રજૂઆત

**પાલનપુર ખાતે વિભાગીય નિયામકને રજૂઆત : ૫ દિવસમાં નિર્ણય નહીં લેવાય તો આંદોલન**

સરહદી બનાસકાંઠા જિલ્લામાં શાળા- કોલેજો શરૂ થતાં શહેરોમાં અભ્યાસ અર્થે આવતા છાત્રો અપ- ડાઉન કરી રહ્યા છે. જોકે, ગુજરાત રાજ્ય માર્ગ અને વાહન વ્યવહાર નિગમ દ્વારા વિવિધ રૂટ ઉપર શાળાએ આવવા-જવાના સમયે બસો ફાળવવામાં આવી ન હોવાથી વિધાર્થીઓને હાલાકી ભોગવવી પડી રહી છે. ત્યારે આ મુદ્દે એન એસ યુ આઇ દ્વારા ગતરોજ પાલનપુર ખાતે જિલ્લા વિભાગીય નિયામકને રજૂઆત કરી બસો શરૂ કરવા તેમજ જો પાંચ દિવસમાં નિર્ણય નહી લેવાય તો આંદોલન કરવાની ચિમકી ઉચ્ચારવામાં આવી હતી.

બનાસકાંઠામાં શાળા- કોલેજોમાં શૈક્ષણિક કાર્ય શરૂ થઇ ગયું છે. જ્યાં ગ્રામિણ વિસ્તારમાંથી અપ- ડાઉન કરતાં છાત્રોએ ગુજરાત રાજ્ય માર્ગ અને વાહન વ્યવહાર નિગમની બસોમાં મુસાફરી માટે રાહત દરના પાસ કઢાવ્યા છે. જોકે, શાળાએ જવા તેમજ ઘરે પરત આવવાના સમયે જે- તે રૂટ ઉપર એકપણ એસ. ટી. બસ ન હોવાથી આ છાત્રોને હાલાકી ભોગવવી પડી રહી છે. અને નાછુટકે નાણાં ખર્ચી જીવના જોખમે ખાનગી વાહનોમાં મુસાફરી કરવી પડી રહી છે. તેમની આ મુશ્કેલીઓ અંગે એન. એસ. યુ. આઇ દ્વારા અવાજ ઉઠાવવામાં આવ્યો છે. જ્યાં આ સંગઠન દ્વારા પાલનપુર ખાતે વિભાગીય નિયામકને રજૂઆત કરાઇ હતી.

આ અંગે એનએસયુઆઇના જિલ્લા પ્રમુખ નિતિનભાઈ પટેલે જણાવ્યું હતુ કે, પાલનપુર તાલુકાના ગઢ સહિતના રૂટો ઉપર બસોની સમસ્યા છે. આ અંગે વિભાગીય નિયામકને રજૂઆત કરતાં તેમણે હકારાત્મક પ્રત્યુત્તર આપ્યો છે. તેમ છતાં જો પાંચ દિવસમાં આ મુદ્દે કોઇ નિર્ણય લેવામાં નહી આવે તો અમે આંદોલનનો માર્ગ અપનાવીશુ.





## અંબાજી મંદિર દ્વારા માનસરોવર વધાવાની વિધિ યોજાઈ

આજે શકિતપીઠ અંબાજી મંદિર પાછળ આવેલા પવિત્ર માનસરોવરમાં અંબાજી મંદિરના ભટ્ટજી મહારાજ દ્વારા આ વિધિ યોજાઈ હતી. અંબાજી મંદિરના બ્રાહ્મણો અને ભટ્ટજી મહારાજ દ્વારા આ વિધિ અષાડી બીજના દિવસે દર વર્ષે યોજાતી હોય છે. આ વિધિથી વરુણ દેવનું પૂજન કરવામાં આવ્યું હતું અને માતાજીની માંડવીને માનસરોવરમાં પધરાવવામાં  આવે છે આ વિધિથી વરસાદ સારો થાય છે આજે વહેલી સવારમાં બ્રહ્મ મુર્હતમાં આ વિધિ દેવાંગભાઈ ઠાકર અને પંડિતોની હાજરીમાં યોજાઈ હતી.

# આજે કડીમાં મોચી સમાજનો ત્રિવેણી સંગમવાળો સમારંભ

કડી શહેર મોચી સમાજ તરફથી કડીના સમસ્ત મોચી સમાજ માટે નવચંડીયજ્ઞ, ઉજાણી પર્વ તેમજ શિલ્ડ વિતરણ મસારોહ ૨૦૧૮નું આયોજન કરવામાં આવેલ છે. તા. ૧૫મી જુલાઈના રોજ કડી મુકામે કાર્યક્રમ યોજાશે. કડી શહેર મોચી સમાજના પ્રમુખ વસંતભાઈ જણસારી, મંત્રી અરવિંદભાઈ ચૌહાણ, મંત્રી મહેન્દ્રભાઈ ચૌહાણ, રમેશચંદ્ર એમ. ચૌહાણ, સમસ્ત જણસારી સમાજ ગાંધીનગર તરફથી શુભેચ્છા પાઠવવામાં આવેલ છે.

# મોડાસાની સહારા સોસાયટી નજીક માઝુમ કેનાલ પાસે અસામાજિક તત્વો બેખોફ બની દારૂની મહેફિલ

મોડાસા, તા. ૧૪

અરવલ્લી જીલ્લા સહીત મોડાસા શહેરમાં દારૂબંધીનો કાયદો ફક્ત કાગળ પર જ અમલવારી હોય તેમ રાત્રીના સુમારે અંધારાની આડમાં મોડાસા શહેરમાં ખુલ્લા અને અંતરિયાળ સ્થાનો અને રોડ પર દોડતી કારોમાં વિદેશી દારૂની મહેફિલ દારૂના શોખીનો ખુલ્લેઆમ બેખોફ બની માણતા હોવાનું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે. ત્યારે મોડાસાની લઘુમતી વિસ્તારમાં આવેલી સહારા સોસાયટી નજીક પસાર થતી માઝુમ કેનાલનો અવાવરું જગ્યા અસામાજિક તત્વો માટે વિદેશી અને દેશી દારૂની મહેફિલ માટે અડ્ડા સમાન બની રહેતા દિવસ-રાત અસામાજિક તત્વોથી ધમધમતો રહેતા લઘુમતી વિસ્તારના લોકોમાં ઉગ્ર રોષ ફેલાયો છે. મોડાસા ટાઉન પોલીસ તંત્ર દ્વારા ખુલ્લેઆમ દારૂની મહેફિલ જમાવતા દારૂડિયાઓને કાયદાનું ભાન કરવું જરૂરી બન્યું છે.

મોડાસાના લઘુમતી વિસ્તાર એવા સહારા સોસાયટી નજીક અને રેડિયન્સ સ્કૂલથી અંદરના ભાગે આવેલા કાચા ડીપી રસ્તા પર દારૂના શોખીનો દિવસ-રાત જોયા વગર દારૂબંધીના કાયદાના લીરે લીરા ઉડાડતા હોય અને ખાખી વર્દીનો પણ ખોફ ના રહ્યો હોય તેમ બિનદાસ્ત બની વિદેશી સહીત દેશી દારૂની મહેફિલ જમાવતા અસામાજિક તત્વો ત્રાસ રૂપી બની રહેતા લોકોમાં ઉગ્ર રોષ ફેલાયો છે.



અસામાજિક તત્વો મોડાસા કોલેજરોડ પરની કેટલીક દુકાનોમાંથી ખરીદી કરી ખુલ્લેઆમ પલાસ્ટીકની થેલીમાં પ્લાસ્ટિકના ગ્લાસ અને નમકીનના પેકેટ સહીત દારૂની મહેફિલમાં બાઈટિંગ માટે નોનવેજ લઈને માઝુમ કેનાલ નજીક વિદેશી દારૂની મહેફિલ માણવા માટે પહોંચતા ધોળા ડાળે અને રાત્રીના સમયે નજરે પડતા હોવાના દ્રશ્યો સામાન્ય બન્યા છે. દારૂની મહેફિલ માણ્યા બાદ વિદેશી દારૂની બોટલો પણ નાખી રાખી છાકટા બનતા અને ચાલતા તથા વાહનો સાથે ડોલતા ડોલતા મુખ્યમાર્ગ પરથી પસાર થતા હોવાથી મહિલાઓ અને બાળકો સહીત વાલીઓ ચિંતિત બન્યા છે. મોડાસા ટાઉન પોલીસે માઝુમ કેનાલ વિસ્તારમાં દિવસે અને રાત્રીના સમયે પેટ્રોલિંગ કરી દારૂબંધીના કાયદાને તમાશો બનાવતા અસામાજિક તત્વોને ઝડપી પાડી કાયદાનું ભાન કરાવવામાં આવે તે ખુબ જ જરૂરી બન્યું છે. વિદેશી દારૂના ખપ્પરમાં અન્ય યુવાધન દેખાદેખી બરબાદ થાય તે પહેલા આવા અસામાજિક તત્વોને સબક શીખવાડવામાં આવે તેવી માંગ પ્રબળ બની છે.